દાદા ભગવાન પરિવારનું
જૂલાઈ ૨૦૨૪
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

બાળમિત્રો,

અંધારી રાત હોય, બહાર વીજળીના કડાકા-ભડાકા થઈ રહ્યા હોય, બહુ જ મોટું તોફાન આવ્યું હોય, આવા ટાઈમે જે ઘરની બહાર હશે એમને તો ભય, ચિંતા, મુશ્કેલી વગેરે બધું જ ઘેરી વળશે. પણ જે ઘરની અંદર હશે એમને ? તેઓ તો બિલકુલ સુરક્ષિત ફીલ કરશે.

જેમ બહારના વાવાઝોડા સામે ઘરની બાઉન્ડ્રીની અંદર સેફ લાગે, તે જ રીતે જ્ઞાનીની છાયામાં રહેનારાઓને દુ:ખો સામે હંમેશાં જ્ઞાનીનું રક્ષણ રહે.

આ અંકમાં આપણે જોઈશું કે નીરુમાના પ્રેમમાં, એમના શબ્દોમાં અને એમની હાજરીમાં એટલું બધું બળ છે કે એમની છાયામાં રહેનારાઓને ભય, ચિંતા, મુશ્કેલી કે પીડા અડી પણ નથી શકતા. એટલે જ તો 'પરાજય પાર્ટી'માં આ બધી લાગણીઓએ મળીને પોતાની સૌથી મોટી હાર વિશે ચર્ચા કરી. ચાલો જોઈએ કે આ 'પરાજય પાર્ટી' શું છે અને ચીલીએ આલુ માટે કઈ પાર્ટી રાખી છે ? શું થયું એ પાર્ટીમાં ?

-ડિમ્પલ મહેતા

## જ્ઞાનીની છાયામાં


વર્ષ : ૧૬, અંક : ૧૧
સળંગ અંક : ૧૯૧
જૂલાઈ ૨૦૨૪



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhatral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.



© 2024, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# પરાજય પાર્ટી




પચાસ વર્ષમાં પહેલી વાર એક અત્યંત અનોખી પાર્ટી યોજાઈ. પાર્ટીમાં બધી જ જાતની ફીલિંગ્સને આમંત્રણ મળ્યું. ફીલિંગ્સ એટલે સમજ્યા ને ? હા, હા ફીલિંગ્સ એટલે લાગણીઓ જેવી કે ચિંતા, ભય, પીડા, પ્રેમ, આનંદ વગેરે. મુશ્કેલીને પણ 'સ્પેશિઅલ ગેસ્ટ' તરીકે બોલાવવામાં આવી હતી.

પાર્ટીની થીમ હતી - 'પરાજય'. બધા જ પોતાની સૌથી મોટી હાર વિશે વાતો કરવાના હતા.

ચિંતા, ભય અને મુશ્કેલી પાર્ટીમાં પહોંચી ચૂક્યા હતા પણ પીડા, પ્રેમ અને આનંદનો કોઈ અતોપતો નહોતો. આખરે, રાતના બારના ટકોરે પીડાએ પાર્ટીમાં એન્ટ્રી લીધી.

ચિંતા : હવે, આ પ્રેમ અને આનંદ આવે તો આપણે પાર્ટી શરૂ કરીએ.



ભય (ડરતા ડરતા) : મને નથી લાગતું કે એ લોકો આવશે.

મુશ્કેલી : કેમ ?

પીડા : કારણ કે એ લોકો તો પૂજ્યશ્રી સાથે યુ.એસ.એ ગયા છે.

પૂજ્યશ્રીનું નામ પડતા જ ચિંતા, ભય અને મુશ્કેલી દોડીને છૂપાઈ ગયા.

ચિંતા : શશ... કોઈ અવાજ ના કરશો.

પીડા : અરે, બહાર આવો. પૂજ્યશ્રી અહીંયા નથી. અને આમ પણ, પ્રેમ અને આનંદ તો કાયમ પૂજ્યશ્રીની સાથે જ રહે છે. એટલે એ બેઉ પાર્ટીમાં નહીં આવે. આપણે પાર્ટી શરૂ કરીએ.

બધા ડરતા ડરતા બહાર આવ્યા. ચિંતાએ એક લાંબું પેપર ખોલીને પોતાની હાર વિશે કહેવાનું ચાલુ કર્યું.

# જીતવાનો પ્રયત્ન કર્યો પણ...

હું છું ચિંતા. મારી ખાસિયત એ છે કે જે મને બોલાવે એની પાસે હું તરત જ દોડીને જતી રહું છું. અને પછી રાત-દિવસ એની સાથે જ રહું છું. એની ઊંઘ અને આરામ છીનવી લઉં છું.

આમ તો નાની નાની તકલીફોમાં મને બોલાવવામાં આવે છે. પણ આજથી બત્રીસ વર્ષ પહેલા કંઈક જુદી જ જાતનું બન્યું. દેશભરથી મને આમંત્રણ મળ્યું. એ ટાઈમે NRI મહાત્માઓ નીરુમા સાથે સંમેતશિખરની જાત્રાએ ગયા હતા. તે જ સમયે બાબરી મસ્જિદ તૂટી હતી. બધે જ એકદમ ટેન્શનવાળું વાતાવરણ થઈ ગયું અને એટલે જ મારા માટે એકદમ બેસ્ટ ટાઈમ હતો. પણ નીરુમા સાથેના પેલા ટોળામાંથી એક પણ વ્યક્તિએ મને યાદ ના કરી.



તે દિવસે એ લોકો એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. રસ્તામાં લોકો ગુસ્સામાં તરબોળ, બધું બાળી નાખવાના ઈરાદાથી કેરોસીનના કૅન લઈને ઊભા હતા. મને વિશ્વાસ હતો કે આ જોતા જ મહાત્માઓ મને યાદ કરશે. હું એક અંધારા ખૂણામાં જઈને ઊભી રહી અને એમની રાહ જોવા લાગી. એ જ વખતે નીરુમાએ બધાને કહ્યું, 'આજે બધા શુદ્ધાત્મા જોવાની સામાયિક કરજો !' એ શું હોય, શું ખબર. પણ એ કરવાથી આવા ભયંકર વાતાવરણમાં પણ કોઈએ મને યાદ ના કરી. બધા શાંતિથી પસાર થઈ ગયા.

પણ કોઈ ક્યાં સુધી મારાથી બચે ! જેવા એ લોકો પહાડ ચડીને ઊતર્યા કે એમને ખબર પડી કે આખા દેશમાં કર્ફ્યૂ લાગી ગયો છે. ટ્રેઈન બધી હડતાલ પર છે. અને બસ બધાએ મને તરત જ બોલાવી લીધી, 'મારે તો ઘરે પાછા જવાનું છે. જો હું પાછો અમેરિકા નહીં જઉં

તો મારી નોકરી જતી રહેશે.' મારી મજા તો બસ શરૂ જ થઈ હતી અને ત્યાં કોઈએ જઈને નીરુમાને કહ્યું, 'નીરુમા, તમે દાદાને વાત કરો ને, દાદા શું કહે છે ?'

'દાદા'નું નામ પડતા જ મને જબરજસ્ત ડર લાગ્યો. આખી દુનિયાને હું હેરાન કરી શકું પણ દાદા ભગવાનની નજીક પણ ના જઈ શકું. નીરુમાએ કહ્યું, 'બધા ગરબા કરો. હું વચ્ચે બેસીને દાદાને પ્રાર્થના કરું છું.' અને એ કલાક તો જાણે બધા મને ભૂલી જ ગયા.

કલાક પછી નીરુમાએ કહ્યું, 'દાદાએ કહ્યું છે, જે નીરુબેનની સાથે રહેશે એનો વાળ પણ વાંકો નહીં થાય. નીરુબેનથી છૂટા નહીં પડતા.' આ સાંભળીને મેં નક્કી કર્યું,'આ લોકો ગમે તે કરે પણ હું તો એમની ઉપર એટેક કરીને જ રહીશ.'

અને ત્યાં ખબર પડી કે, ટ્રેનની સ્ટ્રાઈક પતી ગઈ છે. બધા તો સામાન પૅક કરીને સ્ટેશન પર પહોંચી ગયા. રાતના અઢી વાગ્યા હતા. પારસનાથ સ્ટેશન સાવ સૂનકાર હતું. એ જોઈને મને થયું કે હવે મને કોઈ બોલાવશે. પણ ત્યાં તો સ્ટેશન માસ્ટર માઈકમાં બોલ્યા, 'પારસનાથ સ્ટેશન, દાદા ભગવાન પરિવાર કા હાર્દિક સ્વાગત કરતા હૈ !' બસ પછી તો મહાત્મા મને યાદ કરવાના બદલે આનંદમાં આવી ગયા.

હું બધાની ખુશી જોઈને હારી ગઈ. બસ, ત્યાંથી જવાનું વિચારતી જ હતી ત્યાં તો મને ખબર પડી કે ટ્રેન સ્ટેશન પર ફક્ત અઢી મિનિટ જ ઊભી રહેશે. હવે ખુશ થવાનો વારો મારો હતો. મને ખાતરી હતી કે આ અમેરિકાના મહાત્માઓ કોઈ પણ હિસાબે અઢી મિનિટમાં ટ્રેનમાં નહીં ચઢી શકે. એમની બૅગ્સ જ એટલી મોટી હતી કે મને યાદ કર્યા વગર એમને ચાલે એવું જ નહોતું.

પણ સ્ટેશન માસ્તરને નીરુમાને જોઈને ખબર નહીં શું થયું કે એ કહેવા લાગ્યા,'નીરુમા, મેં જબ તક ગ્રીન લાઈટ નહીં દૂંગા તબ તક ટ્રેનવાલા ક્યા કરેગા ? જબ તક દાદા કે મહાત્મા ટ્રેન મેં ચઢ નહીં જાતે તબ તક મેં ગ્રીન લાઈટ નહીં દૂંગા.' લો, ફરી મારી હાર થઈ ! મને વિશ્વાસ થઈ ગયો કે જ્યાં સુધી નીરુમા છે ત્યાં સુધી મારું કંઈ નહીં ચાલે. તો પણ હાર માન્યા વગર હું એમની સાથે જ ટ્રેનમાં કલકત્તા ગઈ.

ખુશી ખુશી એ લોકો તો ટ્રેનની બહાર નીકળ્યા. એમને હતું કે,'હવે એરપોર્ટ જઈશું અને ત્યાંથી ઘરે જઈશું.' એમને ક્યાં ખબર હતી કે ઘરે તો શું, એ લોકો તો એરપોર્ટ પર પણ નહીં પહોંચી શકે. કલકત્તા શહેરમાં તો 'શૂટ ઍટ સાઈટ' એટલે કે જોતાની સાથે જ ગોળી મારી દેવાનો ઑર્ડર હતો. તો એ લોકો એરપોર્ટ



પહોંચશે જ કેવી રીતે ! હવે તો નીરુમા એમને કેવી રીતે બચાવવાના ?

ત્યાં તો ક્યાંકથી ચાર ઓપન મેટાડોર આવી. એ લોકોએ કહ્યું,'હમારે પાસ 'પાસ' હૈ, હમે પૈસા દો હમ લે જાયેંગે.' અને ફરી ટેન્શનના વાતાવરણમાં ખુશી છવાઈ ગઈ. અમુક વધારે વજનવાળા મહાત્માઓને જોઈને મને થયું,'આ લોકો તો મેટાડોરમાં કેવી રીતે ચઢશે ? હવે તો મને યાદ કર્યા વગર છૂટકો જ નથી ને !'

પણ આ નીરુમાની હાજરીથી કોઈ પણ પ્રૉબ્લેમ ટકતો જ નહોતો. બધા મહાત્માઓએ એમને ખેંચીને, ધક્કો મારીને ગમે તેમ કરીને ચઢાવી જ દીધા. આવી ઓપન ટ્રકમાં, આટલી હેરાનગતિ હોવા છતાં આ મહાત્માઓને નીરુમા સાથે એટલું સેફ લાગતું હતું કે એમણે જ્યાં 'શૂટ ઍટ સાઈટ'નો ઑર્ડર હતો એવી જગ્યાએ મોટા અવાજે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' ગાવાના ચાલુ કર્યા.

અરે, તમે માનશો નહીં, પણ આ જોઈને તો હું પોતે જ ચિંતા હોવા છતાં મને ચિંતા થઈ ગઈ કે આમને કોઈ ગોળી મારીને ઉડાવી ના દે. રસ્તા પર મિલિટરીવાળા, ઘરની બારીઓ બંધ કરીને બેઠેલા લોકો પણ બારી ખોલીને જોવા લાગ્યા કે આ બધા કોણ છે જેમને જરાય ચિંતા જ નથી થતી !

સાચું કહું તો હું પણ શૉક હતી કે, આ નીરુમાનો કેવો જાદુ છે ! કોઈને મારો વિચાર જ નથી આવતો. એક જણ નીરુમાને કહે, 'નીરુમા આપણે ચાર્ટર્ડ (આપણી પોતાની) ફ્લાઈટમાં જઈશું.' આ સાંભળીને મને હસવું આવી ગયું. કેમ કે, મને ખબર હતી કે એરપોર્ટ પર પાઈલટની સ્ટ્રાઈક છે.

પણ અત્યાર સુધી તો તમને ખ્યાલ આવી જ ગયો હશે કે નીરુમાની હાજરી હતી એટલે સ્ટ્રાઈક જેવી નાનકડી તકલીફ તો ટકી જ નહોતી શકવાની. બધા એરપોર્ટ પહોંચ્યા ત્યાં સુધી સ્ટ્રાઈક પતી ગઈ. આ જોઈને મને ચક્કર આવી ગયા. નીરુમાની આસપાસ રહેનારાઓને તો મને યાદ કરવાનો મોકો જ નહોતો મળતો.

એરપોર્ટ પર આઠ-દસ લોકોએ કહ્યું, 'અમે અહીં કલકત્તામાં જ રહી જઈએ છીએ. થોડું કામ પતાવીને આવીશું.'

મેં મનથી હાર માની જ લીધી તો પણ છેલ્લો પ્રયત્ન કરવા હું મહાત્માઓ સાથે ફ્લાઈટમાં ગઈ, તો ફ્લાઈટમાં મહાત્માઓ અને નીરુમા સિવાય કોઈ જ નહોતું. ત્રણસો પચાસ સીટવાળી ફ્લાઈટમાં ફક્ત સિત્તેર લોકો



## પારસનાથ સ્ટેશન, દાદા ભગવાન પરિવાર કા હાર્દિક સ્વાગત કરતા હૈ

હતા. ખરેખર, એ તો ચાર્ટર્ડ ફ્લાઈટ જ બની ગઈ.

અને પછી તો મહાત્માઓએ ફ્લાઈટમાં દાદાના ફોટા લગાવ્યા અને આરતી કરી. દાદાની આરતી સાંભળીને તો મને જબરજસ્ત ડર લાગ્યો. મહાત્માઓ આનંદમાં હતા અને હું ગભરામણમાં ધ્રૂજી રહી હતી.

શું વિચારીને હું નીરુમાની હાજરીમાં જીતવાનો પ્રયત્ન કરતી હતી ! નીરુમાની હાજરીમાં મારી હાર પાકી જ હતી. પણ અચાનક મને જીતવાનો એક ચાન્સ મળ્યો. મને દાદા ભગવાનનો મેસેજ યાદ આવ્યો, 'જે નીરુબેન સાથે રહેશે એમનો વાળ પણ વાંકો નહીં થાય. નીરુબેનથી છૂટા નહીં પડતા.' પણ આઠ લોકો કલકત્તા એરપોર્ટ પર નીરુમાથી છૂટા પડ્યા હતા. હું તરત જ એમની પાસે પહોંચી ગઈ. કલકત્તામાં બે કલાક પછી કર્ફ્યૂ લાગી ગયો જે આઠ દિવસ સુધી ચાલ્યો. એ લોકો ત્યાં ફસાઈ ગયા. મેં એ આઠ લોકોને આઠ દિવસ સુધી ખૂબ હેરાન કર્યા.

પણ હા, ત્યાર પછી જ્યાં નીરુમા હોય ત્યાં જવાનું હું વિચારતી પણ નથી. અરે, એમની હાજરી તો શું, પણ જે નીરુમાને ફક્ત યાદ જ કરે છે એમની આસપાસ રહેવું પણ મારા માટે શક્ય નથી.

આટલું બોલીને બહુ થાક લાગ્યો હોય તેમ ચિંતા ત્યાં જ બેસી ગઈ. અને પછી વારો આવ્યો 'પીડા'નો. પીડાને તો પોતાની આખી સ્ટોરી મોઢે હતી. પણ આ કૉમ્પિટિશનમાં મોઢે બોલવાના કોઈ એક્સ્ટ્રા માર્ક્સ નહોતા. પીડાએ શરૂ કર્યું...




# પીડાની પીડા

હું <u>પીડા</u> છું. મારા વિશે તો તમને ખબર જ છે. તમે સાઈકલ પરથી પડો કે તમને તાવ આવે, હું તો સાથે આવું જ. મારી ખાસિયત એ છે કે હું ગમે ત્યારે આવી શકું અને ગમે તેટલો ટાઈમ તમારી સાથે રહી શકું. મારી હાજરી કોઈ ભૂલી નથી શકતું. મને પણ ઘણી વાર થાય કે, 'હું કેમ આવી છું ? હું કેમ બધાને આટલી તકલીફ આપું છું ?' ઘણી વાર તો હું જવા માગું તો પણ ઘણા મારો હાથ જોરથી પકડી રાખે છે. પણ એ દિવસ તો કંઈક જુદો જ હતો.

ઘણા વર્ષો પહેલાની આ વાત છે. તે દિવસોમાં સીમંધર સીટીની વસ્તી બહુ ઓછી હતી. દર થોડા ટાઈમે બધા ભેગા થઈને ડબ્બા પાર્ટી કરતા. નીરુમા પણ આ પાર્ટીમાં આવતા. તમને થશે જ્યાં આનંદ હોવો જોઈએ ત્યાં પીડાનું શું કામ છે ?

બન્યું એવું કે એક કાકા હતા. એમનું બ્રેઈન ટ્યુમરનું (મગજની ગાંઠ)ઑપરેશન થયું હતું. અને એટલે જ હું એમની સાથે રહેતી હતી. તમે સાઈકલ પરથી પડો અને જે દુખે એના કરતાં તો ઘણી વધારે પીડા એમને થતી હતી. પણ તોય મને લઈને તેઓ આ ડબ્બા પાર્ટીમાં ગયા. એ જમવાનું લેવા માટે પ્લેટ લેવા જતા જ હતા અને ત્યાં કોઈએ એમનો હાથ પકડ્યો.



અરે, એ તો નીરુમા હતા ! એમણે હાથ પકડીને કાકાને પોતાની બાજુમાં બેસાડ્યા. નીરુમાએ પોતાના હાથેથી કાકાને જમાડ્યા. કેટલાય દિવસોથી હું કાકાની સાથે જ હતી. પણ પહેલી વાર કાકા મને ભૂલી ગયા.

નીરુમાનો હાથ પકડતા જ કાકાએ મારો હાથ છોડી દીધો. ખબર નહીં, નીરુમા શું કરતા હતા. દિવસો, મહિનાઓ, અરે વર્ષોથી જે વ્યક્તિઓ મને સાથે લઈને ફરતા હોય, એ બધા નીરુમાને મળતા જ મને ભૂલીને નીરુમાના પ્રેમમાં ભીંજાઈ જતા હતા. હા. હું નીરુમાથી હારી. પણ આવો પ્રેમ જો જોવા મળે તો મારે તો ફરી ફરી હારવું છે.

પાર્ટીમાં થોડી ક્ષણો માટે બધા ચૂપ થઈ ગયા. ચિંતાની આંખોમાં તો આંસુ પણ આવી ગયા. પણ 'મુશ્કેલી'એ પોતાની સ્પિચ શરૂ કરી અને વાતાવરણને હલકું કરી નાખ્યું.

## પીડા - દર્દ



# બુ...મ... હું અચાનક ત્યાં પહોંચી ગઈ...



હું સૌથી સ્ટાઈલિશ છું, એવું બધા મને કહે છે. મારી ખાસિયત એ છે કે હું ગમે ત્યારે એટેક કરું છું. તમને લાગે કે બધું બરાબર છે અને બુ...મ ! હું આવી જઉં. મારી પાસે એટલા બધા હથિયાર છે કે હું બધી બાજુથી હુમલો કરીને સામેવાળાને હેરાન કરી દઉં.

વર્ષો પહેલા મેં આવો જ એક એટેક કર્યો હતો. મુંબઈમાં એક બહેન એમના પતિ અને બે બાળકો સાથે શાંતિથી રહેતા હતા. બુ...મ હું અચાનક ત્યાં પહોંચી ગઈ. એમના હસબન્ડ ગુજરી ગયા. એ બહેને એકલા હાથે બે બાળકોને ઉછેરવાના હતા, પૈસા કમાવવાના હતા અને ઘર ચલાવવાનું હતું. બહેને વિચાર્યું, 'મને બ્યૂટી પાર્લરનું કામ આવડે છે. હું પહોંચી વળીશ.' એ બહેન મને વિદાય આપવાનું વિચારી જ રહ્યા હતા, ત્યાં બુ...મ ! દરેક બિલ્ડિંગમાં એક-બે બ્યૂટિશિયન આવી ગયા. બહેનને એટલી બધી કૉમ્પિટિશનનો સામનો કરવો પડ્યો કે કમાવવું અઘરું થઈ પડ્યું, એ તો મારી જાળમાં બરાબર ફસાઈ ગયા.

પણ એક દિવસ બહેનના ઘરે 'એ' આવ્યા. 'એ' બિલ્ડિંગની નીચે હતા ત્યારથી જ મને ગૂંગળામણ થવા માંડી.

હું વિચારતી જ હતી કે અચાનક મને આ શું થઈ રહ્યું છે ત્યાં તો 'એ' ઘરમાં પ્રવેશ્યા. એમની સફેદ સાડી, પ્રેમ નીતરતી આંખો અને જાજરમાન વ્યક્તિત્વ જોઈને મારા હાથ-પગ ઢીલા થઈ ગયા. એ હતા નીરુમા. સાચું કહું તો મેં એમને બહુ હેરાન કર્યા છે. પણ તેઓ મારાથી ક્યારેય હાર્યા નથી.

નીરુમા આખા ઘરમાં ફર્યા. બ્યૂટી પાર્લરવાળા રૂમમાં જઈને પૂછ્યું, 'અહીંયા શું કરે છે ?' બહેને બ્યૂટી પાર્લરની વાત કરી પણ બીજી કોઈ વાત ના થઈ. મને થયું 'હાશ... ! બચી ગઈ, નીરુમાને ખ્યાલ નથી આવ્યો કે મેં અહીંયા એટેક કરેલો છે.' નીરુમા થોડી વાર બેઠા અને પછી પાછા જવા નીકળ્યા.

જતા જતા એ પાછા ફર્યા અને બહેનને પૂછ્યું, 'ઘર બરાબર ચાલે છે. મુશ્કેલી નથી પડતી ને ?' અને બુ...મ બહેને કહી દીધું કે, 'મુશ્કેલી પડે છે.' અને બસ ત્યારથી જ મારી હારની શરૂઆત થઈ.

નીરુમાએ કહ્યું, 'ફૉરેનમાં તારા જેવી બહેનો જે એકલી રહેતી હોય તેઓ એમના ઘરે પેઈંગ ગેસ્ટ રાખે. એટલે કે પોતાના ઘરનો થોડો ભાગ બીજા લોકોને રહેવા માટે ભાડે આપે. તું પણ એવું કર. છોકરીઓને પેઈંગ ગેસ્ટ તરીકે રાખ. તું શિબિરમાં આવે ત્યારે એ પેઈંગ ગેસ્ટ છોકરીઓ તારા બાળકોને સાચવી લેશે અને તારું ઘર પણ સચવાઈ જશે. તને પૈસા પણ મળતા રહેશે.' આ સાંભળીને મને થયું, 'ઓહ નો ! હવે તો મારે સામાન પૅક કરી લેવો પડશે.' પણ પછી મને થયું કે, નીરુમાએ આઈડિયા તો આપી દીધો પણ પેઈંગ ગેસ્ટ માટે કોઈ છોકરી તો મળવી જોઈએ ને !

ખબર નહીં ક્યાંથી પણ અઠવાડિયામાં જ એક સાઉથ ઈન્ડિયન છોકરી આવી અને પહેલી પેઈંગ ગેસ્ટ બની. અને બસ પછી તો મારે ખરેખર સામાન પૅક કરીને નીકળવું પડ્યું. બહેનના બાળકોનું ભણતર, કૉલેજ, છોકરીના લગ્ન વગેરે બધું જ આ પેઈંગ ગેસ્ટના ભાડાની રકમમાંથી પૂરું થઈ ગયું.

૨૦૨૦માં કોવિડ આવ્યો. ત્યારે મેં વિચાર્યું, 'હવે એ બહેન પર પાછો એટેક કરવાનો ટાઈમ આવી ગયો છે. અત્યારે ક્યાંથી પેઈંગ ગેસ્ટ લાવશે ? અત્યારે તો બધા પોતાના ઘરમાં બંધ છે. હવે નીરુમા પણ નથી કે એ બહેનને બચાવે. હું તો આત્મવિશ્વાસ સાથે એમની પર હુમલો કરવા ગઈ, પણ ત્યાં જઈને ખબર પડી કે બહેને





તો ૨૦૧૯માં જ ઘર વેચી દીધું !' બોલો, કોવિડ આવે એ પહેલા જ ઘર વેચાઈ ગયું. નીરુમા ભલે હાજર નહોતા પણ એમના આશીર્વાદ તો એ બહેનને સતત રક્ષણ આપી રહ્યા હતા.


એ દેખાતા નથી પણ સિક્રેટલી એમના વ્હાલા મહાત્માઓને નિરંતર સાચવે છે. બસ, હવે તો મેં નક્કી જ કર્યું છે કે નીરુમાના મહાત્માઓ પર ઓછા એટેક કરીશ. કારણ કે જેવી હું એમના ઘરોમાં ઘૂસું છું કે બધા જ દાદા કે નીરુમાને યાદ કરે છે. અને પછી તો ખબર નહીં, દાદા-નીરુમા શું જાદુ કરે છે કે મારા હોવા છતાંય બધા મહાત્માઓ આનંદમાં રહે છે. મને પછી શું મજા આવે ? એટલે પછી હું ત્યાંથી નીકળી જઉં છું.

પાર્ટીમાં અચાનક અંધારું થઈ ગયું. અરે, મુશ્કેલીએ નીકળી જવાની વાત કરી, પણ આ લાઈટો ક્યાં જતી રહી ? અને ત્યાં તો બેક ગ્રાઉન્ડમાં એક ડરામણું મ્યુઝિક વાગ્યું. બધા ભડકી ગયા. 'હા...હા...હા...' જોરથી હસવાનો અવાજ આવ્યો. મારી એન્ટ્રી તો આવી જ હોય ને !

# મારી એન્ટ્રી થતા જ...

હું છું 'ભય'. મેં તમને ઘણી વાર સાથ આપ્યો. જેમ કે ક્લાસ રૂમમાં અઘરી પરીક્ષા વખતે, સ્ટેજ પર, કૉમ્પિટિશનમાં જ્યારે તમે હારી રહ્યા હોવ ત્યારે વગેરે વગેરે. મારી ખાસિયત એ છે કે મારી એન્ટ્રી થતા જ મારો દુશ્મન, એટલે કે તમારી અંદર રહેલો 'કૉન્ફિડન્સ' ઊભી પૂંછડીએ નાસી જાય છે. વર્ષો પહેલા એક આપ્તપુત્ર ભાઈના 'ડ્રાઈવિંગ' કૉન્ફિડન્સને પણ મેં મારી સ્ટાઈલથી ભગાવવાની કોશિશ કરી હતી. હું એમનો સાથીદાર બનવાની તૈયારીમાં જ હતો પણ ત્યાં તો... અરે, આ તો સ્ટોરીનો એન્ડ આવી ગયો. હું શરૂઆતથી વાત કરું.

૧૯૯૩ની આ વાત છે. ટેમ્પો ડ્રાઈવ કરતા, એક આપ્તપુત્ર ભાઈથી મોટો ઍક્સિડન્ટ થઈ ગયો. નીરુમા તે વખતે અમેરિકા હતા. દાદાનું કામ કરવા માટે નીરુમા પાસે આ એક જ ટેમ્પો હતો અને તે





એવો ખરાબ રીતે ઠોકાઈ ગયો કે રિપેર કરવો પૉસિબલ જ નહોતો. બહુ મહેનત પછી પૈસા ભેગા કરીને આ ટેમ્પો ખરીદ્યો હતો. આપ્તપુત્ર ભાઈને થયું, મારે તો દાદાની હેલ્પ કરવાની છે એના બદલે મારાથી જ આટલું મોટું નુકસાન થઈ ગયું.

નીરુમા અમેરિકાથી ઈન્ડિયા પાછા ફરે એ પહેલા અમુક મહાત્માઓએ મળીને બીજી ગાડી ખરીદવાની ગોઠવણી કરી લીધી, નવી ગાડીનો ઑર્ડર અપાઈ ગયો.

નવી ગાડીની ડિલિવરીનો દિવસ આવ્યો. અને બસ, તે જ દિવસે મેં એ ભાઈના પાકા સાથીદાર બનવાનું નક્કી કર્યું. મારા માટે બહુ જ સારો ચાન્સ હતો. સૌથી પહેલા પ્લાન મુજબ મેં એમની અંદર રહેલા ડ્રાઈવ કરવાના કૉન્ફિડન્સને બહાર ધકેલ્યો. એ ભાઈને થયું, 'હવે જિંદગીભર મારા હાથમાં કોઈ ગાડી નહીં આવે કારણ કે મેં એક વાર ઠોકી દીધી.' ભાઈની આ હાલત જોઈને મને મજા આવવાની શરૂઆત થઈ જ હતી ત્યાં તો નીરુમાએ એમને બોલાવીને કહ્યું, 'જા, તું નવી ગાડી લઈ આવ.' મને તો મારા કાન પર વિશ્વાસ જ ના આવ્યો,'નીરુમા, આ શું કહી રહ્યા છે ! જે વ્યક્તિએ એક વાર ગાડી ઠોકી એને જ નવી નકોર ગાડી લઈ આવવાનું કહે છે ! આવું તો કોણ કરે ?!'

પેલા ભાઈને પણ સંકોચ થયો. જો કે, હજી એ ભયભીત નહોતા થયા. પણ એમનો કૉન્ફિડન્સ તો મેં ઉડાવી જ મૂક્યો હતો. નીરુમાએ ભાઈ પર પૂરેપૂરો વિશ્વાસ મૂકીને કહ્યું, 'ગાડીની ડિલિવરી લેવા તારે જ જવાનું છે. અત્યારે જો તું નહીં ચલાવે તો જિંદગીમાં ક્યારેય પણ નહીં ચલાવી શકે. ગાડી ચલાવવાનો તારો કૉન્ફિડન્સ તૂટી જશે. એટલે તું જરાય ડર્યા વગર બિન્દાસ ગાડી લઈ આવ.



પછી આપણે સાંજે સાથે જમીશું અને તું નીરુમાને ગાડીનો એક મોટો રાઉન્ડ મરાવજે.' નીરુમાએ મારા આખા પ્લાન પર પાણી ફેરવી દીધું. નીરુમાના પૉઝિટિવ શબ્દો અને વિશ્વાસથી એ ભાઈનો તૂટેલો કૉન્ફિડન્સ રિપેર થઈ ગયો.

પણ છતાંય મેં હાર ના માની. મને થયું,'એ ભાઈને ચોક્કસ ડર લાગશે. એ મને યાદ કરશે અને હું એમની પાસે જતો રહીશ.' પણ એમણે મને સહેજેય યાદ ના કર્યો. ઊલટું એ તો આખા રસ્તે ત્રિમંત્ર અને અસીમ જય જયકાર બોલતા રહ્યા અને સેફલી ગાડી લઈને પાછા આવી ગયા.

આજ દિન સુધી હું એ ભાઈની આસપાસ પણ જઈ નથી શક્યો. આજે પણ એ આરામથી ગાડી ચલાવે છે. લાગે છે કે નીરુમાએ એમને કોઈ 'ભય પ્રૂફ' સુરક્ષા કવચ પહેરાવી દીધું છે !

## ફેંસલો

પાર્ટી પતવા આવી. બધાએ પોતપોતાની હાર વિશે વાત કરી લીધી. કોની 'હાર' સૌથી મોટી હતી એ નિર્ણય કરવો અઘરો બની ગયો. 'જીત' કોની થઈ એ તો બધાને જ ખબર પડી ગઈ.

ત્યાં તો ચિંતા બોલી ઊઠી. 'ફ્રેન્ડ્સ, જો હારવાનું જ હોય તો હું ફક્ત નીરુમા સામે હારવાનું જ પસંદ કરીશ.' અને બધા જ ચિંતાની વાતમાં સહમત થયા.





# દાદાજી કહે છે...

પ્રશ્નકર્તા : દાદા, આપની પાસે જે માગો એ મળે, કહે છે.

દાદાશ્રી : જે માગે એ મળે. એ કહે કે, 'મને દર્દ મટી જાવ', તો એ મટાડશે.

પ્રશ્નકર્તા : તો મટાડી દો ને આ.

દાદાશ્રી : ના એ તો બોલવું પડે. પાંચ-દસ મિનિટ એમ. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલે ને, તેથી બધું મટી જાય. સંસારી અડચણ આવે તો ત્રિમંત્ર બોલો. પછી 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલો, તો મુશ્કેલી બધી એને ઘેર જતી રહે.

ગમે તેવા ભયંકરમાં ભયંકર સંયોગો હશે પણ જ્ઞાની પુરુષના આશ્રિતને 'મારું શું થશે' તેમ નહીં થાય. કારણ ત્યાં 'અમે' અને 'અમારું જ્ઞાન' બન્ને હાજર થઈ જ જાય અને તમારું સર્વ રીતે રક્ષણ કરે !

અમે તો કહીએ છીએ કે,'આખાય જગતના દુ:ખો અમને હો. તમારામાં જો શક્તિ હોય તો તમારા સર્વ દુ:ખો અમારા ચરણોમાં અર્પણ કરી જાવ. પછી જો દુ:ખ આવે તો અમને કહેજો.' તમારા દુ:ખો મને સોંપી દો અને જો તમને વિશ્વાસ હોય તો તે તમારી પાસે નહીં આવે.

**શબ્દ સમજ**


સંયોગો - પરિસ્થિતિઓ


આશ્રિત - જેમણે જ્ઞાની પાસે રક્ષણ માગ્યું હોય

# ચાલો રમીએ...

★ નીચે આપેલા નંબરને સરવાળા બાદબાકી કરી એનો જવાબ રાઉન્ડમાં લખી થીઓ અને એના ફ્રેન્ડને આલુની પાર્ટીમાં જવા માટે રસ્તો શોધવામાં મદદ કરો.





જવાબ- ૧૩

# AALOO CHILLY

મને ખાતરી હતી કે આલુ જીતશે. એટલે જ તો મેં એની જીત સેલિબ્રેટ કરવા માટે પાર્ટીની તૈયારીઓ પહેલેથી જ કરી રાખી હતી. મને લાગતું હતું કે મારી ગ્રાન્ડ પાર્ટી જોઈને બધા કદાચ આલુનું સ્કેટિંગ ભૂલી જશે.




આ થીઓ એટલો દોઢડાહ્યો છે ને એને ચીલી શેકનું નામ બદલવું છે ! એમની આવી વાતો સાંભળીને મને અંદર ગરમ ગરમ લાગવા માંડ્યું. ત્યાં જ...



આલુની આ વાત સાંભળીને તો મને અંદર ઠંડું ઠંડું લાગ્યું. છેવટે મારી સ્પિચનો સમય જ આવી ગયો. હું કહેવા જ જતો હતો કે મેં કઈ રીતે આલુને પ્રોત્સાહન આપ્યું કે ત્યાં...




બોલવાનું તો મારે હતું ને બોલવા એ લોકો લાગ્યા. એ લોકોએ સાંભળ્યું નહીં કે આલુએ શું કહ્યું, આલુએ મને ક્રેડિટ આપી, તો હવે મને કંઈક કહેવાનો ચાન્સ મળવો જોઈએ ને ! એ લોકો પણ શું આલુ આલુ કર્યા કરે છે !

મને લાગે છે કે મારે પાર્ટી જ નહોતી રાખવા જેવી. ફક્ત મેં અને આલુએ ચીલી શેક પીને સેલિબ્રેટ કર્યું હોત તો કેટલી મજા આવત ! મને લાગ્યું કે મારે આલુને લઈને ઘરે જતા રહેવું જોઈએ. પણ આલુ તો બધાની વચ્ચે ઊભો હતો. એને કેવી રીતે બહાર કાઢવો ?




મને અંદર ફરી ગરમ ગરમ લાગવા માંડ્યું. પાર્ટી અરેન્જ કરવા માટે મેં બહુ કામ કરી લીધું છે. મને થયું કે હવે મારે આરામ કરવો જોઈએ. એટલે હું ઘરે જવા નીકળી ગયો.

આ ચીલી, આલુ વગર કેમ જતો રહ્યો ? એને અંદર ગરમ ગરમ શું લાગતું હતું ? શું એના શેકમાં કંઈ પ્રૉબ્લેમ હતો કે કંઈ બીજું જ કારણ હતું ?

Akram Express

July 2024
Year : 16, Issue : 11
Conti. Issue No.: 191

Date of Publication 8th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2024-2026
valid upto 31.12.2026
Licensed to Post Without
Pre-payment No. PMG/NG/040/2024-2026
valid upto 31.12.2026
Posted at Adalaj Post Office on 8th of every month

# બેબી મહાત્મા અને લિટલ મહાત્મા માટે સેન્ટરની માહિતી

બેબી મહાત્મા અને લિટલ મહાત્મા એટલે ૪ થી ૧૨ વર્ષના બાળકો માટેનું સંસ્કાર સિંચન કેન્દ્ર. જેમાં બાળકોને ગેમ્સ, સ્ટોરી, એક્ટીવીટી, ઉલ્લાસ અને ગમ્મત સાથે મળે છે જ્ઞાનની સમજણ. આ સંસ્કાર સિંચન કેન્દ્ર વિવિધ શહેરોમાં ચાલે છે, જેની વધુ વિગત મેળવવા આ કોડ સ્કેન કરો.

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

DBF • અડાલજ

*Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation*
*Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhatral-Pratappura Road,*
*At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.*